# જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જુનાગઢ જીલ્લો, જુનાગઢ
## સને–૧૯૫૧ની ગુજરાત પોલીસ અધિનિયમ (આંક–૨૨)ની કલમ–૩૩(૧)બી હેઠળનું જાહેરનામું

નં.એમએજી/સી/૪૦૩૯/૨૦૨૦ તા. ૩૦/૦૭/૨૦૨૦

## –:: જાહેરનામુ ::–

જુનાગઢ જિલ્લામાં જુનાગઢ તાલુકામાં પસાર થતા જેતપુર–સોમનાથ નેશનલ હાઈવે રોડ પર (કિ.મી. ૨૯+૫૫૦ થી૩૭+૨૦૦ ) આશરે મધુરમ બાયપાસ ચોકડી થી ધોરાજી બાયપાસ ચોકડી સુધી એન.એચ. ૮–ડી ઉપર ડાયવર્ઝન કન્સ્ટ્રકશન વર્ક માટે સરળતા રહે તે માટે ઉકત રોડ પરથી વાહન અન્ય રૂટ પર ડાયવર્ટ કરવા અંગે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંકઃ સીબી–૪ / ૧૩૯ / ૧૦૭૮૦ / ૨૦૨૦, તા.૨૩/૦૭/૨૦૨૦ ના પત્રથી તા.૧૫/૦૮/૨૦૨૦ સુધીનું જાહેરનામુ પ્રસિધ્ધ દરખાસ્ત કરેલ છે અને વૈકલ્પિક રૂટ સુચવવામાં આવેલ છે.

સદરહુ દરખાસ્ત વાહન ચાલકો અને જાહેર જનતાની સલામતી અને ટ્રાફિક નિયમન માટે, વ્યાજબી જણાતી હોય, હું ડૉ. સૌરભ પારધી, આઈ.એ.એસ., જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો જૂનાગઢ સને–૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક–૨૨)ની કલમ–૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

(૧) તા.૩૧/૦૭/૨૦૨૦ થી તા.૧૫/૦૮/૨૦૨૦ સુધી જેતપુર–સોમનાથ નેશનલ હાઈવેના જુનાગઢ બાયપાસ રોડ પર (કિ.મી. ૨૯+૫૫૦ થી૩૭+૨૦૦ ) મધુરમ બાયપાસ ચોકડી થી ધોરાજી બાયપાસ ચોકડી સુધી એન.એચ. ૮–ડી ઉપર તમામ પ્રકારના વાહનોની અવર જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) તા.૩૧/૦૭/૨૦૨૦ થી તા.૧૫/૦૮/૨૦૨૦ સુધી રાજકોટ–જેતપુર હાઈવે, જામનગર–ધોરાજી, વેરાવળ– સોમનાથ હાઈવે તથા વિસાવદર–બિલખા તરફથી આવતા ૧૦ વ્હીલ ઉપરના તમામ ભારે વાહનોની સવારના કલાક ૭–૦૦ વાગ્યાથી રાત્રીના કલાક ૨૧–૦૦ વાગ્યા સુધી જુનાગઢ શહેર વિસ્તારમાંથી અવર–જવર કરવા ઉપર પ્રવેશબંધી ફરમાવું છું.

(૩) તા.૩૧/૦૭/૨૦૨૦ થી તા.૧૫/૦૮/૨૦૨૦ સુધી રાજકોટ તરફથી આવતા ૧૦ વ્હીલ ઉપરના તમામ ભારે વાહનો સવારના ૭–૦૦ કલાકથી રાત્રીના ૨૧–૦૦ સુધી નેશનલ હાઈવે પર વડાલ ગામે આવેલ ક્રિષ્ના હોટલથી આગળ પ્રવેશ કરી શકશે નહી. જામનગર–ધોરાજી તરફથી આવતા ભારે વાહનો ૧૦ વ્હીલ ઉપરના તમામ ભારે વાહનો ધોરાજી ચોકડીથી પ્રવેશ કરી શકશે નહી અને પ્રવેશ કરે તો વડાલ નેશનલ હાઈવે ઉપર પાર્ક કરવાના રહેશે. વેરાવળ–સોમનાથ હાઈવે તરફથી

...૨...

AGTTA
DT. : 7/8/2020
File No. : 20

જીલ્લા મેજીસ્ટ્રેટ જુનાગઢ જીલ્લો જુનાગઢ सत्यमेव जयते

આવતા ૧૦ વ્હીલ ઉપરના તમામ ભારે વાહનો સવારના ૭–૦૦ કલાકથી રાત્રીના ૨૧–૦૦ સુધી વંથલી નેશનલ હાઈવે પર કોયલી ફાટકથી આગળ પ્રવેશ કરી શકશે નહી. વિસાવદર–બિલખા તરફથી આવતા ૧૦ વ્હીલ ઉપરના તમામ વાહનો ધરાનગર બિલખા ગેઈટથી આગળ પ્રવેશ કરી શકશે નહી.

(૪) તા.૩૧/૦૭/૨૦૨૦ થી તા.૧૫/૦૮/૨૦૨૦ સુધી રાજકોટ–જેતપુર, જામનગર–ધોરાજી, વિસાવદર–બિલખા તથા વેરાવળ–સોમનાથ તરફથી આવતા ૧૦ વ્હીલના કે તેથી નાના તમામ વાહનો જુનાગઢ શહેર વિસ્તારમાંથી પ્રવેશ કરી શકશે.

(૫) આ જાહેરનામાના સમય દરમ્યાન નીચે જણાવેલ વિગતે ૧૦ વ્હીલથી ઉપરના ભારે વાહનોને વૈકલ્પિક વ્યવસ્થા માટે નીચે મુજબની શરતોને આધીન પ્રવેશ આપવામાં આવે છે.

૧: જી.આઈ.ડી.સી.માં જતા વાહનો સાબલપુર થી પ્રવેશ કરી જી.આઈ.ડી.સી.માં પ્રવેશ કરી શકશે અને તે જ રૂટ ઉપરથી પરત જઈ શકશે. જુનાગઢ શહેરમાં પ્રવેશ કરી શકશે નહી. તેમજ જી.આઈ.ડી.સી.માં જવા અંગેના ખરાઈ માટે બિલ્ટી કે જે તે પેઢીનો લેટરપેડ સાથે રાખવાનો રહેશે.

૨: માર્કેટીગ યાર્ડમાં જતા વાહનો માર્કેટીગ યાર્ડના પેઢીના લેટરપેડ સાથે સાબલપુર થી પ્રવેશ કરી, એ જ રૂટ પર પરત થવાનું રહેશે.

૩: રેલ્વે યાર્ડ ગોડાઉનમાં રાસાયણીક ખાતર ભરવા જતા વાહનો સાબલપુર થી પ્રવેશ કરી મજેવડી ગેઈટ થઈ જોષીપુરા અન્ડર બ્રીજ થી અંદર જઈ એ જ રૂટ પર પરત જઈ શકશે.

૪: દાણાપીઠમાં આવતા વાહનો દાણાપીઠની પેઢીના લેટરપેડ સાથે રાખી સાબલપુર થી સવારના ૯–૦૦ વાગ્યા સુધી આવી શકશે તેમજ ખાલી કરી મજેવડી ગેઈટથી સાબલપુર તરફ પરત જઈ શકશે અને સવારના ૯–૦૦ થી રાત્રીના ૨૧–૦૦ વાગ્યાના સમય દરમ્યાન પ્રવેશબંધી રહેશે.

૫: આવશ્યક ચીજવસ્તુ જેવી કે પેટ્રોલ/ડીઝલ, દુધ, શાકભાજી વિગેરેના હેરફેર માટેના વાહનને જુનાગઢ શહેરમાં પ્રવેશવાના પ્રતિબંધમાંથી મુકિત આપવામાં આવે છે.

(૬) આ સમય દરમ્યાન રાહદારી કે વાહન ચાલકને નુકશાન ન થાય તે માટે વડાલ, ધોરાજી ચોકડી, કોયલી ફાટક આગળ ફોરલાઈન રોડ ઉપર તથા ધરાનગર ગેઈટ પાસે ગુજરાતી તથા હિન્દીમાં પ્રવેશ બંધીના સાઈનીગ બોર્ડ (દિશા સૂચક બોર્ડ) મુકાવવા તથા શહેરમાં મજેવડી ગેઈટ, મોતીબાગ સર્કલ, વૈભવ ચોક ખાતે જે તે શહેર તરફ જવાના ગુજરાતી તથા હિન્દીમાં સાઈનીગ બોર્ડ (દિશા

સૂચક બોર્ડ) મુકવવા અને બાયપાસની મધુરમ બાયપાસ તથા ધોરાજી ચોકડી એમ બન્ને સાઈડો પર પ્રાઈવેટ સિકયોરીટીની વ્યવસ્થા તથા બન્ને બાજુ બેરીકેટ મુકવાની વ્યવસ્થા પ્રોજેકટ ડાયરેકટરશ્રી, નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા,(પીઆઈયુ) સોમનાથએ કરવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને–૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક–૨૨)ની કલમ–૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ જાહેરનામું આજરોજ તા.૩૦ માહે– જુલાઈ–૨૦૨૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

AGTTA
DT. : 7 / 8 /2020
File No. : 20

જીલ્લા મેજીસ્ટ્રેટ
સત્યમેવ જયતે
જુનાગઢ જીલ્લો જુનાગઢ

(ડૉ. સૌરભ પારધી)
જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જીલ્લો, જુનાગઢ

**નકલ રવાના :–**

૧) પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ.
જાહેરનામાની વધારાની ૧૦–નકલો આ સાથે સામેલ છે. તો આપના તાબાના સંબંધકર્તા પોલીસ ઈન્સપેકટર/સબ ઈન્સ્પેકટરશ્રીઓને મોકલી આપવા તથા બહોળી પ્રસિધ્ધી કરવા તથા પ્રસિધ્ધીનો દાખલો દફતરે રાખવા તથા જાહેરનામાની અમલવારી કરાવવા અર્થે જાહેરનામુ પ્રસિધ્ધ કરી તેનુ રોજકામ કચેરીના રેકર્ડ પર રાખવા અર્થે.

૨) કમિશનરશ્રી, મહાનગરપાલીકા, જુનાગઢ.

૩) જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જુનાગઢ.

૪) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ.

૫) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ.

૬) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, જુનાગઢ.

૭) વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. જુનાગઢ.

૮) મામલતદારશ્રી, જુનાગઢ (શહેર)/ જુનાગઢ(ગ્રામ્ય)

૯) તાલુકા વિકાસ અધિકારીશ્રી, જુનાગઢ.
– આ જાહેરનામાની પ્રસિધ્ધી કરી તેનું રોજકામ કચેરીના રેકર્ડ પર રાખી જાહેરનામાની અમલવારી માટે ઘટતુ કરવા વિનંતી છે.

૧૦) નાયબ માહિતી નિયામકશ્રી, માહિતી ખાતું, જુનાગઢ.
આ જાહેરનામાની વિગતે દૈનિક વર્તમાન પત્રોમાં પ્રેસનોટ તરીકે વિનામુલ્યે વ્હેલાસર પ્રસિધ્ધ કરવા અર્થે.

૧૧) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
હુકમની નકલ આ સાથે સામેલ છે તો તેનું ગુજરાત રાજયપત્રમાં પ્રસિધ્ધી કરવા અને તેની પાંચ નકલો તુર્ત અત્રેની કચેરીને રેકર્ડ માટે મોકલી આપવા વિનંતી છે.

૧૨) કચેરીની રેકર્ડ શાખા :– સરકારી પ્રેસ રાજકોટ પાસેથી સરકારી ગેઝેટ મેળવી રેકર્ડ પર રાખવા અર્થે.

<u>નકલ</u> :–

(૧) પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા (પીઆઈયુ), સોમનાથ
– જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.

(૨) પ્રમુખશ્રી, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન, ૭૩/એ, સહાજનંદ શોપીગ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ – જાણ તથા બહોળી પ્રસિધ્ધી થવા સારૂ.

(૩) આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર

<u>નકલ સવિનય રવાના :–</u>

૧) ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.

૨) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જુનાગઢ વિભાગ, જુનાગઢ

જીલ્લા મેજીસ્ટ્રેટ
सत्यमेव जयते
જુનાગઢ જીલ્લો જુનાગઢ